# અરવલ્લી જિલ્લામાં ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર મગફળી વેચવામાં ખેડૂતોની ઉદાસીનતા

## ત્રણ કેન્દ્ર પર ખેડૂત ફરક્યા પણ નહિ

અરવલ્લી જિલ્લાના વિવિધ ૬ જેટલા કેન્દ્ર પર મગફળી ખરીદીની શરૂઆત થઈ ચૂકી છે, જો કે બજારમાં ખેડૂતો મગફળી વેચાણ કરી રોકડા નાણાં મેળવી રહ્યા છે.



કમોસમી વરસાદમાં બગડેલી મગફળી ન ખરીદાતા ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે. ખેડૂતોની મગફળી રિજેક્ટ થતા ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે.

અરવલ્લી જિલ્લાના ૬ કેન્દ્ર પર મગફળી ખરીદીની શરૂઆત થઈ ગઈ છે જીલ્લામાં ખેડૂતોએ મગફળીના પાકમાં સારો ભાવ મળી રહે તેવા આશયથી ૫૮ હજાર હેક્ટરમાં મગફળીનું વાવેતર કર્યું હતું સરકારે ટેકાના ભાવે મગફળી ખરીદવાની જાહેરાત કરતા.

ગત વર્ષની સરખામણીએ બમણાં ખેડૂતોએ કરાવી નોંધણી કરાવી છે. ચાલુ વર્ષે ૩૬૦૦ ખેડૂતોએ મગફળી વેચાણ માટે નોંધણી કરાવી ભેજવાળી મગફળી ન ખરીદાતા ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી હોવાની સાથે ટેકના ભાવ ના બદલે ખુલ્લા

ટેકાના ભાવે મગફળીની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે અરવલ્લી જિલ્લાના છ તાલુકાઓમાં મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે. ચાલુ વર્ષે અરવલ્લી જિલ્લામાં ચૌદ હજાર પાંચસો જેટલા ખેડૂતોનું રજિસ્ટ્રેશન થયું છે. ગત વર્ષે મોડાસા તાલુકામાં મગફળીના અઢારસો જેટલા ખેડૂતોએ નોંધણી કરાવી હતી, જ્યારે આ વર્ષે બમણાં એટલે કે, અડત્રીસો ચાર જેટલા ખેડૂતોએ મગફળીના વેચાણ માટે નોંધણી કરાવી છે. આ વર્ષે જિલ્લામાં અંદાજે પંચાવન હજાર જેટલા હેક્ટરમાં મગફળીનું વાવેતર થયું છે, જો કે, કમોસમી વરસાદને કારણે મગફળીમાં કાળાશ પડી છે, ત્યારે ભેજવાળી મગફળી પણ આવી રહી છે, જેથી આઠ ટકા કરતા વધારે ભેજવાળી મગફળી રીજેક્ટ પણ કરવામાં આવી રહી છે, જેથી ખેડૂતોમાં નારાજગી જોવા મળી હતી.

### મગફળીની ખરીદીમાં આ સાત માપદંડો ધ્યાન લેવાશે



સેમ્પલમાંથી લેવામાં આવેલી મોટી મગફળીના દાણાનું વજન ૬૫ ટકા હોવું જોઈએ.
સેમ્પલમાંથી લેવામાં આવેલી નાની મગફળીમાં દાણાનું વજન ૭૦ ટકા હોવું જોઈએ.
સેમ્પલમાંથી લેવામાં આવેલી મગફળીમાં કચરાનું પ્રમાણ માત્ર ૨ ટકા જ હોવું જોઈએ.
સેમ્પલમાંથી લેવામાં આવેલી મગફળીમાં ભેજનું પ્રમાણ ૮ ટકાથી ઓછું હોવું જોઈએ.
સેમ્પલમાંથી લેવામાં આવેલી મગફળીમાં ડેમેજ થયેલ મગફળીનું પ્રમાણ ૨ ટકાથી ઓછું હોવું જોઈએ.
સેમ્પલમાંથી લેવામાં આવેલી મગફળીમાં અલગ અલગ જાતની મગફળી એટલે કે નાની-મોટી મગફળીનું પ્રમાણ ચાર ટકાથી ઓછું હોવું જોઈએ. (આ નિયમ બનાવવા પાછળનું કારણ કોઈપણ ખેડૂત ભેળસેળવાળી મગફળી ન વેચે તેવું છે.)
સેમ્પલમાંથી લેવામાં આવેલી મગફળીમાં ગોગડીનું પ્રમાણ ચાર ટકાથી ઓછું હોવું જોઈએ.

# ધાનેરા પુરવઠા વિભાગમાં રેશનકાર્ડ બનાવવા માટે ફોલ્ડરીયાઓનો વધેલો રાફડો?

## ગરીબો પાસેથી રેશનકાર્ડ બનાવવા માટે ફોલ્ડરીયા ગ્રાહકોને લૂંટી રહ્યા છે?

સરકાર સેવા સેતુ જેવા સ્થાનિક કાર્યક્રમો કરે છે જેમાં મોટા ભાગે ફિયાસ્કો જોવા મળે છે અને ધાનેરા પુરવઠા વિભાગમાં ગામડાથી આવતા રેશનકાર્ડ ધારકો પોતાના રેશનકાર્ડ નવા બનાવવા, બંધ હોય તે ચાલુ કરવા, નામ કમી કરવા ,તેમજ નામ દાખલ કરવા, માટે ધાનેરા પુરવઠા ઓફિસ માં આવતાં હોય છે પણ ઓફિસ ની બાહર ફોલ્ડરીયા જમાવડો જોવા મળી રયો છે આ કામગીરી માટે ફોલ્ડરયા નો સંપર્ક કરવામાં આવે તો કામ જલ્દી થઈ જાય છે, અને ડાયરેક સંપર્કમાં ગ્રાહકો ને બેથી ત્રણ ધક્કા ખાવા પડે છે આ બાબતે વારંવાર પૂરવઠા અધિકારીની જણાવવા છતાં પણ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને ઓફિસના અંદર તેમજ બહાર ફોલ્ડરીયા જમાવડો જમાવીને બેઠા છે જે લોકશાહી માં ખુલ્લેઆમ લૂંટ વ્યાજબી નથી આ બાબતે જિલ્લા પુરવઠા અધિકારી તેમજ કલેકટર સાહેબ તપાસ કરી ધાનેરા પુરવઠા વિભાગમાં રેશનકાર્ડ બનાવવા માટે ફોલ્ડરીયા પ્રથા બંધ કરવામાં આવે અને ફોલ્ડરીયો ઓ પર લાલ કરવામાં આવે તેવી લોકોની વિનંતી છે.

# ડીસાના ભોપાનગર નજીક જૂની અદાવતમાં યુવક પર હુમલો

## ૧૫ જેટલા હુમલાખોરો સીસી ટીવી કેમેરામાં કેદ

ડીસા

ડીસાના ભોપાનગર વિસ્તારમાં અગાઉની અદાવત મામલે એક જ કોમના બે જૂથો વચ્ચે મારામારી સર્જાઇ હતી અને પોલીસ ફરિયાદ થતા તપાસ ચાલુ હતી તે દરમિયાન ૧૫ જેટલા લોકોના ટોળાએ કરાવતા હતા તે દરમિયાન જૂની અદાવત મામલે જુનાડીસા ગામના ૧૫ શખ્સોનું ટોળું ગાડી ભરી આવી શૈલેષભાઈ રાઠોડ ઉપર હુમલો કર્યો હતો જેને લઈને આસપાસના વિસ્તારમાં તંગદિલી છવાઈ હતી જો કે



જૂની અદાવત રાખી યુવક પર હુમલો કરતા અફરાતફરી મચી હતી જે ઘટનાના પગલે દોડી આવેલી પોલીસે તપાસ હાથ ધરી છે

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર ડીસાના ભોપાનગર ખાતે રહેતા શૈલેષભાઈ કાનભાઈ રાઠોડ પોતાનું જીપડાલુ ગેરેજમાં રીપેર સ્થાનિક લોકોએ વચ્ચે પડી શૈલેષભાઈને છોડાવ્યા હતા ઘટનાના પગલે દક્ષિણ પોલિસની ટિમ આવી જતા હુમલો કરનાર શખ્સો નાસી ગયા હતા. દક્ષિણ પોલીસે આ મામલે આસપાસમાં લગાવેલ સી સી ટી વી કેમેરા ના ફૂટેજ મેળવી હુમલોખોરોને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી છે.

# ખેડબ્રહ્મા અંબાજી હાઇવે પર શુ કાયદામાં છૂટ આપવામાં આવી છે ? કે પોલીસ આરટીઓ આંખ આડા કાન કરી રહી છે



ખેડબ્રહ્મા શહેરમાં બેફામ રીતે ઓવરલોડ ગાડીઓ માલસામાન ભરી દોડી રહી છે. હિંમતનગરથી પોશીના તાલુકાના કોટડા ગામે દરરોજ ઈકો વાનની ગાડી પેશેન્જર ગાડી હોવા છતાં હાઈવે પર ઓવરલોડ બેફામ દોડી રહી છે. લોકોમાં ચર્ચા છે કે દરરોજ હાઈવે પર ઉભી રહેતી પોલીસ ફક્ત હેલ્મેટ અને સીટ બેલ્ટના દંડ માટેજ ઉભી રહે છે તેમને આ ગાડી દેખાતી નથી આરટીઓની રહેમ નજર હેઠળ ચાલે છે.

## શામળાજી-ભિલોડા પંથકમાં વ્યાજખોરોનો આતંક

# નાપડાના ખેતમજૂરે વ્યાજખોરોના ત્રાસથી વખ ઘોળ્યું : પરિવાર નોધારો બન્યો

શામળાજી, તા. ૧૮

અરવલ્લી જીલ્લામાં વ્યાજખોરો બિલાડીના ટોપની જેમ ઉગી નીકળેલ છે. આવા વ્યાજખોરો વાર્ષિક ૧૨૦થી ૧૫૦ ટકા વ્યાજ વસુલી ગરીબ-સામાન્ય પરિવારોનું આર્થિક શોષણ કરી રહેલ છે. આવી ઘટનાઓ છાશવારે સમાજમાં બની રહેલ છે. ભિલોડા તાલુકાના શામળાજી નજીક



આવેલા નાપડા ગામના ૫૦ વર્ષીય ખેતમજૂરે નાણાકીય ભીડ હોવાના કારણે ગામના એક શખ્સને વચ્ચે રાખી વ્યાજ વાટવાનો ધંધો કરતા ધંબોલિયાના રવીન્દ્રસિંહ રાઠોડ પાસેથી ૨.૧૫ લાખ રૂપિયા ઉંચા વ્યાજદરે લીધા હતા. ખેતી નિષ્ફળ જતા અને વ્યાજખોરોની ધમકીથી ઝેરી દવા ગટગટાવી આત્મહત્યા કરી લેતા ગરીબ પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. શામળાજી પોલીસે બંને વ્યાજખોરો સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

નાપડા-ખાલસા ગામના વજાભાઈ વક્તાભાઈ વણઝારા (ઉં.વર્ષ-૫૦)એ નાણાકીય ભીડના હોવાના કારણે લોકોને વ્યાજે રૂપિયા અપાવવાનો ધંધો કરતા ગામના જ વિક્રમભાઈ કેશભાઈ વણઝારાને વચ્ચે રાખી ધંબોલિયા ગામના રવીન્દ્રસિંહ રાઠોડ પાસેથી ૨.૧૫ લાખ રૂપિયા ઉંચા વ્યાજે લીધા હતા, જેમાં વિક્રમ વણઝારાએ લાખે ૧૦ હજાર રૂપિયા કમિશન અલગથી લીધું હતું દરન મહિને વિક્રમ વણઝારાને ૨૦ હજાર હપ્તા ચુકવતા હતા. ગામમાં જમીન ઓછી હોવાથી વજાભાઈ વક્તાભાઈ વણઝારા પરિવાર સાથે મહીસાગર જીલ્લાના લિંમબડીયા ગામે છૂટક મજૂરી અને મોટર કાઢવાનું કામ કરતા હતા. વ્યાજ આપવા છતાં મૂડી બાકી હોવાથી વિક્રમ વણઝારા ફોન કરી ધમકી આપતા હતા. દશેરાના દિવસે રવીન્દ્રસિંહ રાઠોડ લાકડી અને ખંજર સાથે ધમકી પણ આપી હતી. વારંવાર ધમકી આપતા હોવાથી શુક્રવારે વજાભાઈ વતન આવવા નીકળ્યા હતા વ્યાજખોર રવિન્દ્ર રાઠોડ વજાભાઈના મોટાભાઈ રામભાઈને લઈ ગયેલ હોવાનું વિક્રમ વણજારાએ મૃતકના પુત્રને જણાવ્યું હતું.

સતત વ્યાજખોર બંને શખ્સોના ત્રાસથી કંટાળી જતા માનસિક રીતે પડી ભાંગતા શનિવારે સવારે ઝેરી દવા ગટગટાવી આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી હતી. આત્મહત્યાના પગલે શામળાજી પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતક વજાભાઈની લાશને પીએમ માટે ખસેડી મૃતકની પત્ની શકરીબેન વજાભાઇ વણઝારાની ફરિયાદના આધારે વિક્રમ કેશાભાઈ વણઝારા અને રવીન્દ્રસિંહ રાઠોડ (રહે, ધંબોલીયાં, તા-ભિલોડા) વિરુદ્ધ ઈપીકો કલમ-૩૦૬, ૫૦૬(૨), ૫૦૪, ૧૧૪ તથા મની લેન્ડર એક્ટ-૨૦૧૧ની કલમ-૫, ૪૦, ૪૨ મુજબ ગુન્હો નોંધી બંને શખ્સોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

વ્યાજખોરોનો ત્રાસ એટલો બધો હતો કે આ પરિવારે દિવાળી પણ ઉજવી શક્યા નહોતા. વ્યાજખોરોનો ત્રાસ એટલો બધો વધી ગયેલ કે પૂરો પરિવાર ઘરબાર છોડી ભટકતો ફરતો હતો.

## વડગામ તાલુકાના થુર ગામમાં વર્ષોથી વસવાટ કરતા

# વિચરતી વિમુક્ત જાતિના લોકોની મુલાકાતે જિલ્લા પંચાયતના સદસ્ય અશ્વિન સક્સેના

વડગામ તાલુકાના થુર ગામના વિચરતી વિમુકત જાતિ પૈકી મદારી સમાજના ૨ કુટુંબના ગરીબ પરિવારના લોકો દ્વારા સેવાસેતુ કાર્યક્રમ માં ધોડીયાલ માં આવીને બનાસકાંઠા જીલ્લા પંચાયત સદસ્ય અશ્વિન સકસેનાને રજુઆત કરતાં સેવાસેતુ કાર્યક્રમ પૂર્ણ થતા જિલ્લા પંચાયત સદસ્ય સમગ્ર વડગામ તાલુકાના વહીવટી તંત્ર સાથે મામલતદાર આર.સી ઠાકોર તથા એ. એચ. પરમાર, કરનાળા સરપંચ સાથે મદારી સમાજના વસવાટ ની જગ્યાએ મુલાકાત લઈ અરજદારોને સાંભળ્યા હતાં અને તાત્કાલીક મદારી સમાજના પરિવારજનોને પીવાનુ પાણી મળી રહે, રહેવા માટે તાલુકામાં કાયમી વસવાટ કરી શકે તે માટે પ્લોટ સરકારશ્રી દ્વારા મકાન સહાય તેમજ પ્રાથમીક સુવિધા મળે તે માટે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી તે પરિવારના પ્રશ્નોનો ઝડપી નિકાલ કરવા ગુજરાત સરકારમાં રજુઆત કરવામાં આવી છે.



## મોડાસા કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસો.નો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો

મોડાસા શહેરમાં દવા બજાર સાથે સંકળાયેલા છૂટક અને જથ્થાબંધ વેપારીઓના એસોસિયેશન મોડાસા કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસો.નું દીપાવલી પર્વ અને નૂતનવર્ષાભિનંદન નિમિત્તે સ્નેહ સંમેલન મોડાસા-હિંમતનગર રોડ પર આવેલા "એક્વાલેન્ડ" વોટરપાર્ક ખાતે યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં કેમિસ્ટો પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. સ્નેહમિલન કાર્યક્રમનું સફળ આયોજન એસો. પ્રમુખ સુરેશ શાહ અને મંત્રી દિનેશ સુથાર અને કારોબારી સભ્યોએ કર્યું હતું.

# મહેસાણા જિલ્લામાં ટૂંક સમયમાં "સુરક્ષિત ઓટો" સેવાની શરૂઆત થશે

મહેસાણા, તા. ૧૮

પ્રવાસીઓની સુરક્ષા અને સલામતી માટે રીક્ષા મુસાફરી દરમિયાન થતા બનાવો અને ગુન્હાઓ અટકાવવા માટે જિલ્લા પોલીસ અધિક્ષક મનિષસિંહ દ્વારા જિલ્લામાં "સુરક્ષિત ઓટો" સેવા નામનો નવતર પ્રયોગ હાથ ધરવામાં આવનાર છે. ૩ માસમાં આ પ્રોજેક્ટ અમલી બનતાં જિલ્લાની તમામ ૧૩ હજાર જેટલી રીક્ષાઓ પોલીસના દાયરામાં આવી જશે જેનાથી જિલ્લાના નાગરિકો સુરક્ષિત અને સલામતી મુસાફરીનો અનુભવ થશે.

મહેસાણા જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ, મહેસાણા જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ અને માર્ગ સુરક્ષા અભિગમ થકી પોલીસ તંત્ર અને આર.ટી.ઓના સંયુકત પ્રયાસથી જિલ્લામાં નવતર અભિગમની શરૂઆત થનાર છે. સુરક્ષિત ઓટો સેવા થકી જિલ્લાની તમામ ઓટોને એક કોડ નંબર આપવામાં આવશે જે કોડ સ્થાનિક પોલીસ સ્ટેશનના કોડ સાથે મળતો હશે જેમકે કડીમાં ..૦૧ આ પ્રકારનો કોડ રાખવાનું મુખ્ય કારણ એ છેકે પ્રવાસી સહેલાઈથી યાદ રાખી શકે. આ ઉપરાંત આ કોડ સાથે નીચે પ્રમાણિત કરવામાં આવશે કે આ વાહન પોલીસ તંત્ર અને આર.ટી.ઓ વિભાગ દ્વારા પ્રમાણિત થયેલ છે. રીક્ષા મુસાફરી દરમિયાન થતા ગુન્હાઓ અને બનાવો અટકાવવા માટે મહેસાણા જિલ્લામાં આ હકારત્મક અભિગમ સમાજમાં પોઝિટિવ વિચારની દિશામાં પ્રેરણા પુરી પાડનારો બનશે.

મહેસાણા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા રીક્ષા માલિક સાથે રીક્ષા હાંકનાર સહિતની તમામ વિગતો લઈને નોંધણી કરી કોડ અપાશે જેથી કોડ ઉપર તમામ વિગતો સહેલાઈથી મળી શકે.આ માટે જિલ્લાના નાગરિકોને અપીલ કરાશે કે જે રીક્ષાને સુરક્ષિત ઓટો સેવાથી પ્રમાણિત કરાઈ હોય તેજ રીક્ષામાં મુસાફરી કરવી.

# ડીસા કબ્રસ્તાનમાં તસ્કરો ત્રાટકયા; ૧૦ એલઈડીની ચોરી કરી ફરાર

ડીસા, તા. ૧૮

ફૂલ ગુલાબી ઠંડીની શરૂઆત થતાંજ તસ્કરો ડીસામાં સક્રિય



થઈ ગયા છે અને ડીસાના રાજપુર વિસ્તારમાં મુસ્લિમોના આવેલ કબ્રસ્તાનમાં થાંભલા પર લગાવેલ એલઈડીની ચોરી કરી રાત્રીના અંધારામાં ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે.

મળતી માહિતી મુજબ ડીસા રાજપુર વિસ્તારમાં આવેલ મુસ્લિમોના કબ્રસ્તાનમાં ગત રાત્રીના સુમારે લાઈટના થાંભલા પર ચડી એક સાથે તસ્કરોએ ૧૦ થાંભલાની એલઈડીની ચોરી કરી રાત્રીના અંધારામાં ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે સવારે સ્થાનિક રહીશોએ જણાવ્યું કે રાત્રીના પોલીસ પેટ્રોલીગ ન હોવાને લીધે અવારનવાર તસ્કરો તરકીબ અજમાવતા હોય છે. ત્યારે રાત્રી પેટ્રોલીગ વધારી તસ્કરરાજ અટકાવે તેવી જન માંગ છે. અગાઉ પણ તસ્કરોએ કબ્રસ્તાનમાં આવેલ ઓરડીનુ છાપરું તોડીને અંદર ઉતરી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. આમ માણસનું અંતિમધામને પણ તસ્કરો છોડતા ન હોવાથી ધર્મપ્રેમી જનતાએ આવા ઈસમો સામે ફિટકાર વરસાવ્યો હતો. ડીસા સેહર પોલીસ દ્વારા રાત્રી પેટ્રોલીગ વધારી આવા નરાધમોને પકડી સખત કાર્યવાહી કરવામાં આવે તેવી ધર્મપ્રેમી જનતાએ માંગણી કરી હતી.

# સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા જિલ્લામાં તાલુકાના હોદ્દેદારોની વરણી

હિંમતનગર, તા. ૧૮

ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જિલ્લા દ્વારા સંગઠન પર્વના નવીન હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. આ પ્રસંગે વધુ વિગત આપતા જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ તથા ઉપપ્રમુખ વિજયભાઈ પંડ્યાએ જણાવેલ કે સાબરકાંઠા જીલ્લાના વિવિધ તાલુકાઓ જેમ કે હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, તલોદ અને પ્રાંતિજ ધારાસભ્યો, સંગઠન દ્વારા ત્રણ મહામંત્રી તખતસિંહ હડીયોલ, હિતેશભાઈ પટેલ, અશોકભાઈ જોષી અને તમામ જીલ્લાના હોદ્દેદારો-પ્રભારીઓની સર્વસંમતિ લઈ અમારા જીલ્લાના સંગઠન પ્રભારી પ્રદીપસિંહ વાઘેલાની મંજુરીથી નિમણુંક કરવામાં આવી છે. આગામી દિવસોમાં બાકીના તમામ હોદ્દા ઉપર પ્રદેશની સુચના અનુસાર નિમણુંક કરવામાં આવશે. વિસ્તારમાં આવતા શહેરી અને તાલુકાના નવીન હોદદારોની વરણી કરવામાં આવેલ છે. જેમાં દરેક વિસ્તારમાં પ્રમુખ અને બે મહામંત્રીઓની નિમણુંક કરવામાં આવી છે. જેમાં જે તે વિસ્તારના ધારાસભ્યો, સંગઠન દ્વારા ત્રણ મહામંત્રી તખતસિંહ હડીયોલ, હિતેશભાઈ પટેલ, અશોકભાઈ જોષી અને તમામ જિલ્લાના હોદ્દારો-પ્રભારીઓની સર્વસંમતિ લઈ અમારા જિલ્લાના સંગઠન પ્રભારી પ્રદીપસિંહ વાઘેલાની મંજુરીથી નિમણુંક કરવામાં આવી છે.

હિંમતનગર શહેરમાં પ્રમુખ તરીકે હર્ષદભાઈ શિવુભાઈ મિસ્ત્રી, મહામંત્રી તરીકે કિરીટભાઈ ગિસુમલ મુંદડા અને જયેશભાઈ જયંતિલાલ પટેલ

હિંમતનગર તાલુકામાં પ્રમુખ તરીકે હસમુખભાઈ ધુળાભાઈ પટેલ, મહામંત્રી તરીકે દિલીપસિંહ સરદારસિંહ મકવાણા અને રાજેન્દ્રસિંહ ભીખુસિંહ પઢિયાર

ઈડર શહેરમાં પ્રમુખ તરીકે શશાંકભાઈ જયંતિલાલ મહેતા, મહામંત્રી તરીકે પિયુષભાઈ રવિશંકર દવે અને કેશુભાઈ સમેરાજી રબારી

ઈડર તાલુકામાં પ્રમુખ તરીકે પ્રેમલભાઈ દલજીભાઈ દેસાઈ, મહામંત્રી તરીકે રાજુભાઈ અમૃતભાઈ પટેલ અને અનોપસિંહ દેવીસિંહ ચૌહાણ

વડાલી શહેરમાં પ્રમુખ તરીકે નારાયણભાઈ ડાહ્યાભાઈ સગર, મહામંત્રી તરીકે કાન્તીભાઈ ધુળાભાઈ પરમાર અને તલજીભાઈ બેચરભાઈ ખાંટ

વડાલી તાલુકામાં પ્રમુખ તરીકે હરિસિંહ ભવાનસિંહ ભાટી, મહામંત્રી તરીકે અમૃતભાઈ પ્રભુભાઈ પટેલ, ડાહ્યાજી અરજણજી ઠાકોર

ખેડબ્રહ્મા શહેરમાં પ્રમુખ તરીકે અરવિંદભાઈ વિઠ્ઠલભાઈ રાવલ, મહામંત્રી તરીકે ધર્મેન્દ્રભાઈ રમેશચંદ્ર મહેતા અને પ્રશાંતકુમાર લાલાભાઈ પટેલ

ખેડબ્રહ્મા તાલુકામાં પ્રમુખ તરીકે સુરેશભાઈ પુંજાભાઈ પટેલ, મહામંત્રી તરીકે હિતેન્દ્રસિંહ કરણસિંહ ચૌહાણ અને બકાભાઈ નેતાભાઈ મકવાણા

પોશીના તાલુકામાં પ્રમુખ તરીકે સોમજીભાઈ નાનજીભાઈ ખૈર, મહામંત્રી તરીકે રૂમાલભાઈ અરજણભાઈ ધ્રાંગી તથા ચીમનભાઈ ખેતાભાઈ ગમાર

વિજયનગર તાલુકામાં પ્રમુખ તરીકે મયુરભાઈ પોપટલાલ શાહ, મહામંત્રી તરીકે જયંતિભાઈ લધ્ધાભાઈ પટેલ, માવજીભાઈ સગરાભાઈ ડામોર

તલોદ શહેરમાં પ્રમુખ તરીકે દામોદરભાઈ મોહનલાલ પટેલ, મહામંત્રી તરીકે વિનુભાઈ પ્રેમજીભાઈ સુથાર, નરેન્દ્રસિંહ અશોકસિંહ ઝાલા

તલોદ તાલુકામાં પ્રમુખ તરીકે કલ્પેશકુમાર ડાહ્યાભાઈ પટેલ, મહામંત્રી તરીકે રાકેશભાઈ જીવણભાઈ પટેલ, ગણપતસિંહ પરબતસિંહ ઝાલા

પ્રાંતિજ શહેરમાં પ્રમુખ તરીકે નિત્યાનંદભાઈ ચીમનભાઈ બ્રહ્મભટ્ટ, મહામંત્રી તરીકે નિકુંજભાઈ ગોવિંદભાઈ રામી, ગિરીશભાઈ દશરથભાઈ પટેલ

પ્રાંતિજ તાલુકામાં પ્રમુખ તરીકે બળવંતભાઈ ગોપાલભાઈ પટેલ, મહામંત્રી તરીકે લલિતભાઈ મગનભાઈ પટેલ, અર્જુનસિંહ કાનસિંહ મકવાણા



## શામળાજી મેશ્વો જળાશયમાંથી રવિ સીઝન માટે ૧૦૦ ક્યુસેક પાણી છોડાયું

અરવલ્લીમાં રવિ પાકની સીઝન માટે આજે શામળાજીના મેશ્વો જળાશયમાંથી મુખ્ય સીઝનમાં પ્રથમ તબક્કાનું કેનાલમાં પાણી છોડાવામાં આવ્યું છે જેમાં ખેડૂતોના રવિ પાક માટે ડેમમાંથી ૧૦૦ ક્યુસેક પાણી છોડતા ભિલોડા અને મોડાસાના ખેડૂતોને સિંચાઈ માટે લાભ મળશે. ભિલોડા અને મોડાસા તાલુકાના ખેડૂતોના રવિ પાક માટે ૨૦૦૦ હેકટર જમીનમાં સિંચાઈનો લાભ મળશે. ચાલું વર્ષે સિઝનનો સારો વરસાદ થવાથી રવિ પાક માટે ૬ તબક્કા સુધી પાણીનો લાભ મળશે.